# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1) ભારત અને કેનેડા વચ્ચે ખનિજ , નવીકરણ ઊર્જા અને સાંસ્કૃતિક સહયોગ સહિત વિવિધ ક્ષેત્રોમાં ત્રણ કરારો.

2) ગૃહ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને ઇરાનના સમર્થન કે વિરોધમાં થનારા સંભવિત પ્રદર્શન સામે સતર્ક રહેવા નિર્દેશ આપ્યા.

3) UAE, સાઉદી અરબ, ઇઝરાયેલ અને કતારથી આવતી એૅર ઇન્ડિયાની તમામ ઉડાન આજે સ્થગિત.

4) બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીએ ઈરાનના હુમલાઓનો સામનો કરવા અમેરિકા સાથે કામ કરવાની તૈયારી બતાવી.

5) પશ્ચિમ એશિયામાં તણાવ વધતાં વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં સાત ટકાનો ઉછાળો

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# REV MODI - CARNEY TALKS-1

ભારત અને કેનેડાએ આજે મહત્વપૂર્ણ ખનિજ સહયોગ, નવીકરણ ઊર્જા અને સાંસ્કૃતિક સહયોગના ઉપયોગને પ્રોત્સાહન આપવા સહિત વિવિધ ક્ષેત્રોમાં ત્રણ કરારોનું આદાનપ્રદાન કર્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ આજે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. વાટાઘાટો દરમિયાન, બંને નેતાઓએ ભારત-કેનેડા વ્યૂહાત્મક ભાગીદારીના વિવિધ ક્ષેત્રોમાં અત્યાર સુધી પ્રાપ્ત થયેલી પ્રગતિની સમીક્ષા કરી. તેમણે વેપાર અને રોકાણ, ઊર્જા, મહત્વપૂર્ણ ખનિજો, કૃષિ, શિક્ષણ, સંશોધન અને નવીનતા અને લોકો-થી-લોકોના સંબંધો સહિતના મુખ્ય સ્તંભોમાં ચાલી રહેલા સહયોગનો પણ અભ્યાસ કર્યો. બંને નેતાઓએ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું.

કેનેડાના પ્રધાનમંત્રી ગયા મહિનાની 27મી તારીખથી ભારતની ચાર દિવસની મુલાકાતે છે. ગયા વર્ષે માર્ચમાં પદ સંભાળનારા પ્રધાનમંત્રી કાર્ની ભારતની તેમની પ્રથમ પૂર્ણ દ્વિપક્ષીય મુલાકાત પર છે.

દ્વિપક્ષિય વાતચીત બાદ સંયુક્ત નિવેદનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મુલાકાતને ફળદાયી ગણાવી હતી.

(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી)

# REV MODI - CARNEY TALKS-2

આ મુલાકાત અગાઉ સવારે, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર નવી દિલ્હીમાં કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીને મળ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે ભવિષ્યલક્ષી ભાગીદારી બનાવવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી.

આજે બપોર બાદ પ્રધાનમંત્રી મોદી અને પ્રધાનમંત્રી કાર્ની ભારત-કેનેડા સીઈઓ ફોરમમાં પણ હાજરી આપશે.

# RWANDA MINISTER ARRIVAL

રવાન્ડાના વિદેશી બાબતો અને આંતર-રાષ્ટ્રીય સહકાર મંત્રી ઑલિવિયર જે. પી. ન્દુહન્ગિરેહ આજે નવી દિલ્હી પહોંચ્યા.

વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, રવાન્ડાના મંત્રી 11-મા રાયસીના સંવાદ અને ભારત-રવાન્ડા સંયુક્ત આયોગની બીજી બેઠકમાં ભાગ લેશે.

# PM CCS MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયાની સુરક્ષા સ્થિતિની સમીક્ષા માટે ગઈકાલે સુરક્ષા સંબંધિત મંત્રીમંડળ સમિતિની બેઠક યોજી. આ સમિતિને ઇરાન પર હુમલા બાદ અખાતી દેશોની સ્થિતિની માહિતી અપાઈ. સમિતિએ સમગ્ર ક્ષેત્રમાં મોટી સંખ્યામાં વર્તમાન ભારતીય સમુદાયની સુરક્ષા પર ચિંતા વ્યક્ત કરી.

સાથે જ સમિતિએ આ ક્ષેત્રથી બહાર જતા ભારતીય પ્રવાસીઓ અને પરીક્ષાર્થીઓની સમસ્યાઓની પણ સમીક્ષા કરી. તેમજ તમામ વિભાગને ભારતીય નાગરિકોને જરૂરી મદદ પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે.

# HOME MINISTRY ALERT

મધ્ય-પૂર્વ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિને જોતા કેન્દ્ર સરકારે દેશભરમાં કાયદા-વ્યવસ્થાને લઈ સાવચેતીના પગલા લીધા છે. ગૃહ મંત્રાલયે તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને ઇરાનના સમર્થન કે વિરોધમાં થનારા સંભવિત પ્રદર્શનો અંગે વિશેષ સતર્ક રહેવા નિર્દેશ આપ્યો છે.

ગૃહ મંત્રાલયના પત્રમાં જણાવાયું કે, આંતર-રાષ્ટ્રીય ઘટનાની અસર દેશના વિવિધ ભાગમાં જોવા મળી શકે છે. આવામાં જો કોઈ પણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં કોઇ પ્રદર્શન થાય તો સ્થાનિક વહીવટી તંત્રને સ્થિતિ પર નજર રાખવી જોઈએ. કાયદા-વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવી એ સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ તેના પર પણ ગૃહ મંત્રાલયે ભાર આપ્યો છે.

# AIR INDIA TRAVEL ADVISORY

એર ઇન્ડિયાએ પશ્ચિમ એશિયામાં વર્તમાન સ્થિતિને જોતા પ્રવાસીઓ માટે માર્ગદર્શિકા જાહેર કરી. એરલાઈને સંયુક્ત આરબ અમિરાત – UAE, સાઉદી અરબ, ઇઝરાયેલ અને કતર-થી આવતી તમામ ઉડાનને આજે દિવસભર માટે સ્થગિત કરી દીધી છે. ઉપરાંત આજે યુરોપ જનારી તમામ ઉડાન પણ રદ કરવામાં આવી છે. તેમાં અમૃતસરથી બર્મિંઘમ, દિલ્હીથી જ્યૂરિખ, દિલ્હીથી કોપેનહેગન અને બર્મિંઘમથી દિલ્હી જનારી ઉડાન સામેલ છે.

માર્ગદર્શિકામાં જણાવાયું કે, ઉત્તર અમેરિકા અને યુરોપ જનારી અન્ય તમામ ઉડાનનું પશ્ચિમ એશિયામાં ઉપલબ્ધ હવાઈ ક્ષેત્રથી વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરીને નિર્ધારિત સમય પર સંચાલન કરાશે. તેનાથી ઉડાનનો સમય વધવાની શક્યતા છે. એરલાઈને જણાવ્યું, તેઓ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

# WAR-WEST ASIA

ઈરાન અને ઈઝરાયેલ અને અમેરિકાના સંયુક્ત દળોએ મિસાઈલ અને ડ્રોન હુમલાઓ શરૂ કરતાં પશ્ચિમ એશિયામાં સંઘર્ષ તીવ્ર બન્યો છે. ઈરાન અને તેના સમર્થિત સૈન્યએ ઈઝરાયેલ અને ખાડી દેશો પર મિસાઈલો છોડી હતી,

જ્યારે ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાનમાં નિર્ધારિત લક્ષ્યો પર હુમલો કર્યો હતો. બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીએ જણાવ્યું કે તેઓ ઈરાનના હુમલાઓનો સામનો કરવા અમેરિકા સાથે કામ કરવા તૈયાર છે, અને ખાડી દેશોના એક જૂથે જણાવ્યું છે કે તેની પાસે ઈરાની હુમલાઓનો જવાબ આપવાનો અધિકાર છે.

વધતા તણાવ વચ્ચે, ઈરાનના ટોચના સુરક્ષા અધિકારી અલી લારીજાનીએ પ્રતિજ્ઞા લીધી છે કે ઈરાન અમેરિકા સાથે વાટાઘાટો કરશે નહીં.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AFGHAN PAK CONFLICT

અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે તેમની વાયુસેનાએ રાવલપિંડીમાં મુખ્ય વિમાનમથકને નિશાન બનાવી પાકિસ્તાનના અનેક સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કર્યાની જાહેરાત કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, આ હુમલો રાવલપિંડીમાં નૂરખાન વિમાનમથક, બલૂચિસ્તાનના ક્વેટામાં 12-મા ડિવિઝનના મુખ્યમથક અને ખૈબર પખ્તૂનખ્વાના મોહમ્મદ એજન્સીમાં સ્થિત ખ્વાજાઈ શિબિર સહિત પાકિસ્તાનના મુખ્ય સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવાયા હતા.

આ હુમલામાં પાકિસ્તાનમાં અનેક વ્યૂહાત્મક કમાન્ડ કેન્દ્રોને નિશાન બનાવા હોવાનો પણ મંત્રાલયે દાવો કર્યો હતો. પ્રારંભિક મૂલ્યાંકનના આધારે આ હુમલામાં લક્ષિત ઠેકાણાઓને ઘણું નુકસાન થયું છે.

મંત્રાલયે જણાવ્યું, આ હુમલો પાકિસ્તાની સેના દ્વારા તાજેતરમાં કરાયેલા કાબૂલ અને બગરામ પર કરાયેલા હવાઈ હુમલાના જવાબમાં કરાયો હતો.

# IRAN ISRAEL

ઇરાન તરફથી ઇઝરાયેલ અને અમેરિકા સામે જવાબી કાર્યવાહી કરવામાં આવી છે. ઇરાનથી છોડવામાં આવેલી એક મિસાઇલ પડવાથી યેરુશલેમમાં છ લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે.

જ્યારે હિઝબુલ્લાના ઠેકાણાઓ પર લેબનોનમાં ઇઝરાયેલ દ્વારા હુમલો કરાયો છે. દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ઇરાનના ઠેકાણાઓ પર અનેક સપ્તાહ સુધી હુમલા ચાલુ રહી શકે છે.

# REV TRUMP IRAN NAVAL SHIPS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ઇરાન ઇસ્લામિક રિવૉલ્યૂશનરી કોર – IRGCના મુખ્યમથકને નષ્ટ કર્યાની પુષ્ટિ કરી છે. તેમણે ઇરાનના નવ નૌકાદળના જહાજને નષ્ટ કર્યાનો પણ દાવો કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ટ્રમ્પે કહ્યુ, ઇરાનના બાકી નૌકાદળના જવાજને પણ ખૂબ ઝડપથી નષ્ટ કરાશે. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું, ઇરાનના નૌકાદળ મુખ્યમથકને ઘણી હદ સુધી નષ્ટ કરાયું છે.

(BYTE: DONALD TRUMP, US PREZ)

બીજી તરફ, ઇઝરાયેલની સેનાએ ઇરાનના અનેક સૈન્ય કમાન્ડ કેન્દ્ર પર હુમલા કર્યા છે. તેમાં IRGC, ગુપ્તચર મુખ્યમથક, IRGC વાયુસેના કમાન્ડ કેન્દ્ર અને આંતરિક સુરક્ષા મુખ્યમથક સામેલ છે. ઇઝરાયેલે જણાવ્યું, આ કેન્દ્રોના નષ્ટ થવાથી ઇરાનની ક્ષમતાને મોટા ઝટકો લાગ્યો છે.

# CRUDE OIL

પશ્ચિમ એશિયામાં તણાવ વધતાં આજે સવારે વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં લગભગ સાત ટકાનો ઉછાળો આવ્યો હતો. જેથી હોર્મુઝ સ્ટ્રેટમાં સંભવિત વિક્ષેપ અંગે ચિંતા વધી હતી, કારણ કે, ત્યાંથી વૈશ્વિક તેલ પુરવઠાનો લગભગ 20 ટકા જથ્થો વિતરીત થાય છે.

ભારતની ક્રૂડ આયાતનો 40 ટકાથી વધુ ભાગ રૂટ થાય છે. છેલ્લા મળતા અહેવાલ મુજબ બ્રેન્ટ ક્રૂડ 7.2 ટકાથી વધુ વધીને 78 અમેરિકી ડોલર અને 13 સેન્ટ પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું હતું અને WTI ક્રૂડ પણ સાત ટકા વધીને 71 અમેરિકી ડોલર અને 69 સેન્ટ પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું હતું.

# UAE EMBASSY CLOSURE

સંયુક્ત આરબ અમિરાત – UAEએ તહેરાનમાં તેનું દૂતાવાસ બંધ કરવા અને ત્યાંથી તમામ રાજદ્વારીઓને પરત બોલાવવાની જાહેરાત કરી. અમિરાત પર ઇરાનના મિસાઈલ હુમલા બાદ આ નિર્ણય કરાયો છે. અમિરાતે ઓમાન પર ઇરાનના હુમલાની આકરી ટીકા કરતા તેને આ ક્ષેત્રમાં વાતાવરણ બગાડવાનો એક જોખમી પ્રયાસ ગણાવ્યો.

અમિરાતના વિદેશ મંત્રાલયે જણાવ્યું, ઇરાનના હુમલા અમિરાતની સાર્વભૌમત્વનું સ્પષ્ટ ઉલ્લંઘન છે તથા પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતા માટે સ્પષ્ટ જોખમ છે. મંત્રાલયે એમ પણ જણાવ્યું કે, સ્થાનિક આવાસ, વિમાનમથકો, બંદર અને સેવા કેન્દ્ર પર આ હુમલા સ્પષ્ટપણે આક્રમક કાર્યવાહી છે.

અમિરાતે વધુમાં જણાવ્યું કે, આ હુમલાથી સામાન્ય નાગરિકોના જીવનને જોખમ થઈ રહ્યું છે અને તેમની સાર્વભૌમત્વ તથા આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્ર ઘોષણા-પત્રનું સ્પષ્ટ ઉલ્લંઘન થયું છે.